| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૦૩/૦૬/૨૦૨૨ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૯૮૩/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૨/૦૬/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૦ | ૦ | ૧૪૦ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૩ | ૦ | ૧૦૦૬૯૩ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૨ | ૪,૯૯,૫૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશનઃ

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશન સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જી” ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર નાઓની કચેરીઓ તરફથી આગામી આવનાર રથયાત્રાના પવિત્ર તહેવારને લઇને પો.સ્ટે વિસ્તારમાં કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ પ્રોહીબીશન/જુગારની પ્રવૃત્તી સદતંર નિસ્ત નાબુદ કરવા તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.ચૌહાણ સા.નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો તા.૦૨/૦૬/૨૦૨૨ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ પો.સ્ટે.વિસ્તારમાં ક.૧૭/૦૦ વાગ્યાથી પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા ક.૧૯/૪૦ વાગે ઠક્કરનગર ચાર રસ્તા પાસે આવતા સર્વેલન્સ સ્કોર્ડના અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ નાઓને ખાનગી બાતમી હકિકત મળેલ કે “ વસંતનગર ના છાપરા વિભાગ-૦૧ ખાતે આવેલ રામાપીર ના મંદિર વાળી ગલીમાં રામાપીર ના મંદિર પાસે જાહેરમાં કેટલાક ઇસમો ગોળ કુડાળુ વળી જુગાર રમે છે અને હાલમાં જુગારનો અખાડો ચાલુ છે “ જે બાતમી હકીકત આધારે સદરી જગ્યા ઉપર સાથેના સ્ટાફના માણસો તેમજ પંચોના માણસોને સાથે રાખી સદરી જગ્યા વસંતનગરના છાપરા વિ-૦૧ રામાપીર ના મંદિર વાળી ગલીમાં રામાપીરના મંદિર પાસે જાહેરમાં રેઇડ કરી જુગાર રમતા આંઠ આરોપીઓને અંગજડતીના રોકડા નાંણા રૂ.૯,૩૪૦/-તથા દાવ ઉપરથી મળેલ રોકડ નાંણા રૂ.૮,૦૦/-મળી કુલ્લે રોકડ કિ.રૂ.૧૦,૧૪૦/-તથા ગંજીપાના નંગ ૫૨ કિ.રૂ.૦૦/૦૦ સાથે મળી કુલ્લે કિ.રૂ.૧૦,૧૪૦/-ના મુદ્દામાલ ના સાથે ક.૨૧/૧૦ વાગે જુગાર ધારા કલમ-૧૨ મુજબથી પકડી પાડી કાયદેસરની કામગીરી કરી સારી કામગીરી કરેલ છે તા.૦૩/૦૬/૨૦૨૨

### આરોપીઓના નામ :-

નં-(૧)સુનિલભાઇ સ/ઓ ગોવિંદભાઇ મોતીભાઇ જાતે બાવરી ઉ.વ.૪૦ ધંધો-કડીયાકામ રહે,વસંતનગર ના છાપરા ઠક્કરનગર કૃષ્ણનગર અમદાવાદ શહેર +૭=૮

### મુદ્દામાલ :-

અંગજડતીના રોકડા નાંણા રૂ.૯,૩૪૦/-તથા દાવ ઉપરથી મળેલ રોકડ નાંણા રૂ.૮,૦૦/-મળી કુલ્લે રોકડ કિ.રૂ.૧૦,૧૪૦/-તથા ગંજીપાના નંગ ૫૨ કિ.રૂ.૦૦/૦૦ સાથે મળી કુલ્લે કિ.રૂ.૧૦,૧૪૦/- ના મુદ્દામાલ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા ફરિયાદી અ.હેડ.કોન્સ રવિરાજસિંહ નટુભા બ.નં-૮૫૯૦ તથા અ.હેડ.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨



# પાસા અટકાયતની વિગત

## ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશનઃ

## મિલ્કત સબંધી પાસા અટકાયતીની ધરપકડ કરતી ગુજરાત યુનિવર્સીટી પોલીસ

(૧) ગુજ.યુનિ.પો.સ્ટે. પાર્ટ એ-ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૭૨૧૧૪૯૮/૨૧ ધી ઇપીકો કલમ ૩૮૦ મુજબ તથા (૨) નવરંગપુરા પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૬૨૦૦૭૬૪/૨૦૨૦ ધી ઇપીકો કલમ ૩૮૧ મુજબના મિલ્કત સબંધી ગુનાઓમાં પકડાયેલ આરોપી જીગર રમેશભાઈ પરમાર રહે.૧૫/૪૭૧ જય મહાદેવનગર, હરીઓમ એપાર્ટમેન્ટની બાજુમાં, બલોલનગર, નવાવાડજ, અમદાવાદ શહેર નાઓના ગુનાહિત ઇતિહાસની ઇ-ગુજ કોપ ડેસ્કટોપ આધારે તપાસ કરી તેમજ આ કામનો આરોપી મિલ્કત સબંધી ગુનાઓ કરવાની ટેવવાળો હોય આરોપીની આવી પ્રવૃત્તિ જી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય આરોપીની આવી પ્રવુતી તાત્કાલીક અંકુશમાં લેવી જરૂરી હોય જેથી જરૂરી દસ્તાવેજી પુરાવાઓ એકત્રીત કરી સમયમર્યાદામાં આરોપી વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે મોકલી આપતાં મે.પોલીસ કમિશ્નર સા.શ્રી નાઓના કચેરીના ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા/૫૧૫/૨૦૨૨ તા.૦૨/૦૬/૨૦૨૨ થી પાસા હુકમ મેળવી તા:૦૨/૦૬/૨૦૨૨ ના કલાક ૨૧/૨૦ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને જરૂરી પોલીસ જાપ્તા સાથે ભુજ જેલ ખાતે અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપેલ છે. તા:૦૩/૦૬/૨૦૨૨

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓઃ-**

(૧) પો.ઇન્સ. વી.જે.જાડેજા

(૨) અ.હે.કો કનુભાઈ નાગજીભાઈ બ.નં.૬૮૫૮

(૩) અ.હે.કો. પ્રહલાદસિંહ રણુભા બ.નં.૪૦૬૩

(૪) પો.કો. અનિલકુમાર હિંમતલાલ બનં.૩૬૫૪

(૫) પો.કો. અનિલકુમાર ઇશ્વરભાઇ બ.નં.923



## નરોડા પોલીસ સ્ટેશનઃ

## મિલ્કત સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ અમોએ (૧) શાહિબાગ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૧૨૧૦૨૪૭/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૪૫૭, ૩૮૦, ૪૨૭ મુજબ (૨) ઇસનપુર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૨૨૧૦૩૨૫ /૨૦૨૧ ઇ.પી.કો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ (૩) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૫૨૧૦૩૫૪/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ (૪) મેઘાણીનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૨૦૦૬૨/૨૦૨૨ ઇ.પી.કો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ (૫) મેઘાણીનગર પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૨૦૦૬૬/૨૦૨૨ ઇ.પી.કો કલમ ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબના ગુનાઓના  કામના આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/ ૫૦૮/૨૦૨૨ તા-૦૨/૦૬/૨૦૨૨ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૦૨/૦૬/૨૦૨૨ ના કલાક-૨૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા-૦૨/૦૬/૨૦૨૨

### આરોપીનુ નામ -

"આકાશ ઉર્ફે નયન ઉર્ફે કાલુ સ/ઓ કમલેશભાઇ જશુભાઇ દેસાઇ (નાડીયા) ઉ.વ.૨૦ રહે.મહાજાનીયાવાસ, રામપીરના મંદિરની બાજુમાં, અનુરાધા મેડીકલ સ્ટોર્સની સામે, નરોડા પાટીયા, સરદારનગર અમદાવાદ શહેર

### કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

પી.આઇ.પર્સનલના એ.એસ.આઇ. યોગેશકુમાર સેમ્યુઅલભાઇ બ.નં.૧૩૬૪૪ તથા હે.કો.અજીતસિંહ કલ્યાણસિંહ બ.નં.૩૫૧૭ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં. ૧૧૭૩૭ તથા લોકરક્ષક મયુરસિંહ કરણસિંહ બ.નં.૧૨૫૧૦



## શહેરકોટડા પોલીસ સ્ટેશનઃ

## પ્રોહિબીશનના ગુનાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ આરોપણ બહેનની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-3 સાહેબ તથા મ.પો.કમી.શ્રી ડી-ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. કે.બી.સાંખલા તથા પો.ઇન્સ ડી.બી.ડાભી નાઓની સુચના આધારે સ્ટાફના માણસો દ્વારા આરોપણ બહેનને પકડી લાવતા આરોપણ બહેન નામે તરૂણાબેન વા/ઓ મુકેશભાઇ રાઠોડ ઉ.વ.૩૫ રહે- લાઇન નં.૬, આંબેડકરનગર પ્રેમનગર, મેમ્કો, નરોડા રોડ અમદાવાદ શહેરનાની વિરૂધ્ધમાં (૧) શહેરકોટડા પો.સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૧૧૭૪૧/૨૦૨૧ પ્રોહી.એક્ટ કલમ ૬૫(એ)(એ) મુજબ તથા નં.(૨) શહેરકોટડા પો.સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૨૦૪૯૦/૨૦૨૨ પ્રોહી.એક્ટ કલમ ૬૬(બી), ૬૫(ઇ) મુજબ તથા (૩) શહેરકોટડા પો.સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૨૦૬૬૧/૨૦૨૨ પ્રોહી.એક્ટ કલમ ૬૫(ઇ), ૬૬(બી) મુજબ નાને મે.પો.કમિ.શ્રી અમદવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૫૧૮ /૨૦૨૨ તા.૦૨.૦૬.૨૦૨૨ આધારે પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ, પાલારા-ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે. તા.૦૨.૦૬.૨૦૨૨

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૮૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી, ૫૭ વ્યક્તિઓને ઝડપી, ૨૦૨ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૬૨૪ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૧૨૦ બીયરટીન, ૦૧ રીક્ષા, ૦૧ મોટર સાયકલ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૭,૪૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૮૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી. ૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**તાજુ જન્મેલ મૃત બાળક મળી આવ્યુઃ- સમાચાર યાદી નં.૯૮૬/૨૦૨૨**

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ** તા.૦૨/૦૬/૨૦૨૨ સવારના ૧૦/૧૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે સુભાષબ્રીજ તથા રેલ્વેબ્રીજ ની વચ્ચે કેશવનગર તરફના ભાગે આવેલ સાબરમતી નદીના પટમાં પાણીમાં કાદવ કીચડવાળી જગ્યાએ થી તાજો જન્મેલ મૃત બાબો (એક દિવસના આશરાનો) બીનવારસી ત્યજી દીધેલ હાલતમાં મળી આવતા રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.ડી.ઝાલા ચલાવે છે.

**ઘરફોડઃ- સમાચાર યાદી નં.૯૮૭/૨૦૨૨**

**વેજલપુરઃ** ઈમ્તીયાઝભાઈ યાશીનમીંયા મલેક (ઉ.વ.૬૨)(રહે.સેબીપાર્ક ફ્લેટ, પહેલો માળ અલીફ હોટલની બાજુમા, ઝૈનબ રેસીડન્સી સામે, ૧૦૦ ફુટ રીંગ રોડ, ફતેહવાડી) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૬/૨૦૨૨ ના કલાક ૦૦/૩૦ થી ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની જાળીનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમા પ્રવેશ કરી, સોનાના દાગીના કિંમત રૂપિયા ૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી રામભાઇ ગગુભાઇ ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ-** **સમાચાર યાદી નં.૯૮૮/૨૦૨૨**

**આનંદનગરઃ** ભારતીબહેન હર્ષદભાઇ ઠક્કર (ઉ.વ.૬૫)(રહે.આશિર્વાદ બંગ્લો-૨ ટોરેન્ટ પાવરની બાજુમાં સફથ-૫ ની પાછળ આનંદનગર) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૬/૨૦૨૨ સવારના ૯/૧૫ વાગ્યાના સુમારે આશિર્વાદ બંગ્લાના ગેટ નં-૨ પાસે રોડ ઉપર એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) એ ભેગામળી સોલા સીવીલ હોસ્પિટલમાં જવા માટેનો રસ્તો પુછી, ભારતીબહેનની નજર ચુકવી તેમના ગળામાં પહેરેલ સોનાની પેન્ડલ સહિતની ચેઇન કિંમત રૂપિયા ૬૫,૦૦૦/- મતાની ખેંચી ચોરી કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.આર.સાંઠે ચલાવે છે.

**સરખેજઃ** પ્રતિભાબહેન વા/ઓ બીનુ શીવાનંદ નાયર (ઉ.વ.૩૧)(રહે.જલવિહાર બગ્લોઝ, સેન્ટ એન્સ સ્કુલની પાસે, સ્ટ્રલીંગ સીટી આંબલી બોપલ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૬/૨૦૨૨ ના કલાક ૮/૧૫ વાગ્યાના સુમારે આંબલી એસ.પી.રીંગ રોડ ના સર્વિસ રોડ ઉપર રાજથાળ પાસે કાવેરી સોહમ વિભાનતા ફલેટની બનતી સાઈડ સામે રોડ ઉપર મોર્નીગ વોક કરતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષએ ભેગામળી પ્રતિભાબહેનના  ગળામા પહરેલ સોનાનુ મંગલસુત્ર કિંમત રૂપિયા ૩૧,૩૭૮/- મતાનુ ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એમ.કણસાગરા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૯૮૯/૨૦૨૨**

**કાગડાપીઠઃ** દુઢૈયાબહેન ખુઝેમાભાઈ ઢીલાવાલા (ઉ.વ.૫૪)(રહે.હકીમી સોસાયટી, મિશન હોસ્પિટલની પાસે, ગોદી રોડ, દાહોદ) એ તા.૦૨/૦૬/૨૦૨૨ નાં રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૫/૨૦૨૨ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે ગીતામંદિર બસ સ્ટેન્ડ, પ્લેટફોર્મ નં-૨૫ થી અમદાવાદ થી દાહોદ જતી બસમાં ચઢતી વખતે ભીડમાં કોઈ અજાણી વ્યક્તિએ દુઢૈયાબહેનની નજર ચુકવી તેમના બેગની ચેઈન ખોલી તેમાંથી એક સ્ટીલનો ડબ્બો કે જેમાં સોનાની ચેઈન કિંમત રૂપિયા ૧૨,૦૦૦/-, સોનાનું પેંડલ કિંમત રૂપિયા ૧૮,૦૦૦/-, સોનાના ત્રણ જોડ ઈયરીંગ્સ કિંમત રૂપિયા ૩૬,૦૦૦/-, સોનાની લેડીઝ વિંટીં નંગ-૪ કિંમત રૂપિયા ૨૪૦૦૦/-, સોનાનુ એક નાનું પેડલ કિંમત રૂપિયા ૬,૦૦૦/-, સોનાની એક પાતળી ચેઈન કિંમત રૂપિયા ૫,૦૦૦, સોનાનું એક બ્રેસલેટ કિંમત રૂપિયા ૧૨,૦૦૦, સોનાનું લોકેટ કિંમત રૂપિયા ૬,૦૦૦/- અને સોનાના નાના ઈયરીંગ્સ બે જોડી કિંમત રૂપિયા ૭,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૬૦૦૦/- મતાના સોનાના દાગીના ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.વી.સોલંકી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૯૦/૨૦૨૨**

**ચાંદખેડાઃ** જગતપુર ગામ હુડકોના મકાન ખાતે ભાડાના મકાનમાં રહેતા રણેકાબહેન વા/ઓ રાહુલભાઇ બારીયા (ઉ.વ.૨૦)(મુળ રહે. ગામઃ ખરજવરમ ખેડા, તા.જી.દાહોદ) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૬/૨૦૨૨ બપોરના ૧૨/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે ભાડાના ઘરે પહેલા માળે રૂમમા લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી ડી.એસ.પટેલ નાઓ ચલાવે છે.

**રાણીપઃ-** શ્વેતાબહેન વા/ઓ નિકુંજભાઇ પંચાલ (ઉ.વ.૩૧)(રહે.લક્ષ્મીનગર એપાર્ટમેન્ટ ગીતા એપાર્ટમેન્ટ ની સામે, બાલકૃષ્ણ મંદીર રોડ રાણીપ) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૬/૨૦૨૨ બપોરના ૨/૩૦ થી સાંજના ૪/૩૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જી.જી.સોલંકી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.